# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

**************************************************

1) ભારતીય અવકાશયાત્રી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા અને એક્સિઓમ-૪ મિશનના ચાલક દળના સભ્યોની પરત યાત્રા આજથી શરૂ થશે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ઓડિશાના બે દિવસના પ્રવાસે જશે.

3) આંધ્રપ્રદેશના અન્નમય જિલ્લામાં થયેલા માર્ગ અકસ્માતમાં સાત લોકોના મોત.

4) અમરનાથ યાત્રા પર નીકળેલા યાત્રાળુઓની સંખ્યા બે લાખને પાર.

5) ભારત અને ઇગ્લેંડ વચ્ચેની લોર્ડસ ખાતેની ત્રીજી ટેસ્ટ મેચ રોમાંચક બની.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# REV. AXIOM-4

ભારતીય અવકાશયાત્રી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા અને એક્સિઓમ-4 મિશનના અન્ય ત્રણ ચાલક દળના સભ્યોની પરત યાત્રા આજથી શરૂ થશે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે, અનડોકિંગ આજે ભારતીય સમયાનુસાર સાંજે સાડા ચાર વાગ્યે સુનિશ્ચિત થયું છે. તેમણે કહ્યું કે, ચાલક દળ આવતીકાલે ભારતીય સમયાનુસાર બપોરે ત્રણ વાગ્યે પૃથ્વી પર પરત આવશે.

ઉતરાણ પછી, ગ્રુપ કેપ્ટન શુક્લા, ચાલક દળના સભ્યો સાથે, પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાં પાછા અનુકૂલન કરવા માટે ફ્લાઇટ સર્જનોની દેખરેખ હેઠળ સાત દિવસના પુનર્વસન કાર્યક્રમમાંથી પસાર થશે. ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાના પિતા શંભુ દયાલે કહ્યું કે, તેઓ ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છે કે તે સુરક્ષિત રીતે પરત આવે.

(બાઇટ: SHAMBHU SHUKLA)

# PREZ – ODISHA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ઓડિશાના બે દિવસના પ્રવાસે જશે. શ્રીમતી મુર્મુ સાંજે ભુવનેશ્વરના બીજુ પટનાયક આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર પહોંચશે. જ્યાંથી તેઓ અખિલ ભારતીય તબીબી વિજ્ઞાન સંસ્થા-AIIMS, ભુવનેશ્વરના પાંચમા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

આવતીકાલે, શ્રીમતી મુર્મુ રેવેનશો વિશ્વવિદ્યાલયન 13મા વાર્ષિક પદવીદાન સમારોહમાં હાજરી આપશે અને કટક ખાતે રેવેનશો ગર્લ્સ હાઇસ્કૂલની ત્રણ ઇમારતોના પુનર્વિકાસ કાર્યનો શિલાન્યાસ કરશે. તેઓ આદિકબી સરલા દાસની જન્મજયંતિ ઉજવણીમાં પણ ઉપસ્થિત રહેશે અને કટક ખાતે 2024 માટે કલિંગ રત્ન પુરસ્કાર પ્રદાન કરશે.

# RAJNATH-BRAHMOS MISSILE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન બ્રહ્મોસ મિસાઇલે નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે. ઓપરેશન સિંદૂર બાદ વિદેશોમાં બ્રહ્મોસ મિસાઇલની માંગ વધી છે. શ્રી સિંહે તેમના સંસદીય મતવિસ્તાર લખનઉમાં નેશનલ પીજી કોલેજ ખાતે ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચંદ્રભાનુ ગુપ્તાની પ્રતિમાનું અનાવરણ કર્યા બાદ શ્રી સિંહે કહ્યું કે 14 દેશોએ બ્રહ્મોસ મિસાઇલ અંગે પૂછ્યું છે અને આ લખનઉથી તે દેશોમાં મોકલવામાં આવશે. જેનાથી રાજ્યમાં રોજગારની તકો વધશે.

**(બાઈટ – રાજનાથ સિંહ)**

# JAISHANKAR - CHINA

વિદેશ મંત્રી ડૉ.એસ જયશંકર આજથી ચીનના બે દિવસના પ્રવાસે જશે. તેઓ આવતીકાલે તિયાનજિન શહેરમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનના વિદેશ મંત્રીઓની બેઠકમાં હાજરી આપશે. વિદેશ મંત્રી વિવિધ ક્ષેત્રોમાં SCO સહયોગ અને મુખ્ય આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે. SCO જૂથમાં ભારત સહિત 10 સભ્ય દેશોનો સમાવેશ થાય છે. ચીન SCOનું વર્તમાન અધ્યક્ષ છે.

ડૉ. જયશંકર SCO વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન દ્વિપક્ષીય બેઠકો પણ કરશે. ડૉ. જયશંકર ચીનની મુલાકાત દરમિયાન તેમના ચીની સમકક્ષ વાંગ યીને મળે તેવી અપેક્ષા છે. બંને નેતાઓ દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવા અને ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી ચાલતા સરહદ વિવાદને ઉકેલવા માટે ચર્ચા આગળ ધપાવશે તેવી અપેક્ષા છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં લદ્દાખમાં સામસામે સંઘર્ષનો અંત લાવવા માટે સંમત થયા બાદ બંને દેશો હાલમાં તેમના સંબંધોને સામાન્ય બનાવવાના નાજુક કાર્યમાં રોકાયેલા છે. પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા-LAC પર 2020માં લશ્કરી ગતિરોધ બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં તણાવ આવ્યા પછી ડૉ. જયશંકરની ચીનની આ પહેલી મુલાકાત હશે.

# AP - ROAD ACCIDENT

આંધ્રપ્રદેશના અન્નમય જિલ્લામાં ગઈકાલે રાત્રે થયેલા એક માર્ગ અકસ્માતમાં સાત લોકોના મોત થયા. આ ઘટનામાં ઘણા લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, રાજમપેટથી રેલ્વેકોદુર

બજાર તરફ જઈ રહેલી એક ટ્રક પુલમપેટા મંડળના રેડ્ડીપલ્લી તળાવના પાળા પર પલટી જતાં અકસ્માત થયો હતો. ઘાયલોને રાજમપેટ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મૃતકોની ઓળખ રેલ્વે કોડુર મંડળના શેટ્ટીગુંટા ગામના રહેવાસી તરીકે થઈ છે.

આંધ્રપ્રદેશના પરિવહન મંત્રી એમ. રામપ્રસાદ રેડ્ડીએ જિલ્લા અધિકારીઓ પાસેથી અકસ્માતની વિગતો જાણી. મૃતકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. તેઓ દુઃખી છે, બધા મૃતકો મજૂર હતા અને સરકાર તેમના પરિવારોની પડખે રહેશે. મંત્રીએ અધિકારીઓને સૂચના આપી હતી કે આવી ઘટનાઓ ફરી ન બને તે માટે વ્યાપક પગલાં લેવામાં આવે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# JP NADDA - DUBAI

કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી જેપી નડ્ડાએ સાઉદી અરેબિયાની ત્રણ દિવસની મુલાકાત પૂર્ણ કરી, જેમાં મહત્વપૂર્ણ કરારો થયા, જે ભારતની ખાતર પુરવઠા શ્રેણીને નોંધપાત્ર રીતે વધારશે અને આરોગ્ય અને ઔષધીય ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવશે.

દમ્મામ અને રિયાધમાં 11થી 13 જુલાઈ દરમિયાન યોજાયેલી આ મુલાકાત મુખ્યત્વે ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે રસાયણો અને ખાતરોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવા પર કેન્દ્રિત હતી. નડ્ડાએ એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું જેમાં ખાતર વિભાગ અને વિદેશ મંત્રાલયના સચિવ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થતો હતો.

રિયાધમાં સાઉદી ઉદ્યોગ અને ખનિજ સંસાધન મંત્રી બંદર બિન ઇબ્રાહિમ અલ ખોરાયેફ સાથે ચર્ચા દરમિયાન, બંને મંત્રીઓએ માદેન અને IPL, KRIBHCO અને CIL સહિત ભારતીય કંપનીઓ વચ્ચે લાંબા ગાળાના કરારો પર હસ્તાક્ષર કર્યા. આ કરારો 2025-26 થી પાંચ વર્ષ માટે વાર્ષિક 3.1 મિલિયન મેટ્રિક ટન ડાયમોનિયમ ફોસ્ફેટ ખાતરનો પુરવઠો વધારશે, જેમાં પરસ્પર સંમતિથી પાંચ વર્ષ વધુ લંબાવવાની જોગવાઈ છે.

# AMARNATH YATRA

અમરનાથ યાત્રા પર નીકળેલા યાત્રાળુઓની સંખ્યા ગઈકાલે બે લાખને પાર થઈ ગઈ છે. અધિકારીઓએ જણાવ્યું કે, દક્ષિણ કાશ્મીર હિમાલયમાં આવેલા પવિત્ર ગુફા મંદિર અમરનાથમાં ગઈકાલે 17 હજારથી વધુ યાત્રાળુઓએ

ભગવાન શિવના દર્શન કર્યા હતા, જેના કારણે કુલ યાત્રાળુઓની સંખ્યા બે લાખ 63 થઈ ગઈ છે.

યાત્રાળુઓમાં 12 હજાર 210 પુરુષો, ચાર હજાર 202 મહિલાઓ, 264 બાળકો, 103 સાધુઓ, 18 સાધ્વીઓ, છ ટ્રાન્સજેન્ડર અને 514 સુરક્ષા દળોના જવાનોનો સમાવેશ થાય છે. વાર્ષિક યાત્રા ત્રણ જુલાઈથી શરૂ થઈ હતી અને નવ ઓગસ્ટના રોજ પૂર્ણ થશે.

# CRICKET

ક્રિકેટમાં, એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની ત્રીજી ટેસ્ટના ચોથા દિવસના અંતે ઇંગ્લેન્ડ સામે બીજા દાવમાં ભારતે ચાર વિકેટે 58 રન બનાવ્યા હતા. ઇંગ્લેન્ડે ભારતને જીતવા 193 રનના લક્ષ્ય આપ્યો છે. જેમા, કે એલ રાહુલ હાલમાં 33 રન સાથે ક્રીઝ પર છે અને તે આજે અંતિમ દિવસે નવા બેટ્સમેન સાથે ભારતીય ઇનિંગ્સ ફરી શરૂ કરશે. લોર્ડ્સ ટેસ્ટ જીતવા માટે ભારતને હાલમાં 135 રનની જરૂર છે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 3.30 વાગ્યે શરૂ થશે.

# WIMBLEDON

ટેનિસમાં, વિશ્વ નંબર એક ખેલાડી જેનિક સિનરે ગઈકાલે રાત્રે લંડનના ઓલ ઇંગ્લેન્ડ ક્લબમાં પોતાનો પહેલો વિમ્બલ્ડન 2025નો ખિતાબ જીત્યો. તેમણે હાઇ-ઓક્ટેન ફાઇનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝને 4-6, 6-4, 6-4, 6-4 થી હરાવ્યા અને સ્પર્ધાના 148 વર્ષના ઇતિહાસમાં વિમ્બલ્ડન જીતનાર પ્રથમ ઇટાલિયન ખેલાડી બન્યા. રોલેન્ડ ગેરોસ ફાઇનલમાં અલ્કારાઝ સામે

હૃદયદ્રાવક હારનો સામનો કર્યાના માત્ર પાંચ અઠવાડિયા પછી, સિનરે સેન્ટર કોર્ટ પર ક્લિનિકલ સંયમ સાથે પ્રતિક્રિયા આપી.

23 વર્ષીય જેનિક સિનરે, ફાઇનલમાં અલ્કારાઝનો 5-0 થી સંપૂર્ણ રેકોર્ડ સમાપ્ત કર્યો અને સ્પેનિયાર્ડ સામે પાંચ મેચની હારનો સિલસિલો રોક્યો. સિનરનો વિજય ત્રણ કલાક અને ચાર મિનિટના રોમાંચક મુકાબલા બાદ આવ્યો.

# ULFA – KILLED

મ્યાનમારમાં પ્રતિબંધિત બળવાખોર જૂથ યુનાઇટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસોમ-ઇન્ડિપેન્ડન્ટના ત્રણ મુખ્ય નેતાઓ માર્યા ગયા છે. પરેશ બરુઆહના નેતૃત્વ હેઠળના પ્રતિબંધિત જૂથે દાવો કર્યો કે, મ્યાનમારમાં તેના પૂર્વીય મુખ્યાલયને ભારતીય સેનાએ ગઈકાલે વહેલી સવારે ડ્રોનથી નિશાન બનાવ્યું હતું.

આ જૂથના એક નિવેદન અનુસાર, કુલ 19 કાર્યકરો માર્યા ગયા છે અને અન્ય 19 ઇજાગ્રસ્ત થયા છે. આ સંગઠનના સ્વ-ઘોષિત લેફ્ટનન્ટ જનરલ નયન મેધી ઉર્ફે નયન આસોમ માર્યા ગયા છે. આ જૂથે દાવો કર્યો છે કે અંતિમ સંસ્કાર દરમિયાન પણ હુમલા કરવામાં આવ્યા હતા, જેમાં સ્વ-ઘોષિત બ્રિગેડિયર ગણેશ આસોમ અને કર્નલ પ્રદીપ આસોમ માર્યા ગયા હતા.

જોકે, ભારતીય સેનાએ આવી કોઈપણ કાર્યવાહીનો સ્પષ્ટપણે ઇનકાર કર્યો છે. સંરક્ષણના જન સંપર્ક અધિકારી કર્નલ એમએસ રાવતે ગુવાહાટીમાં જણાવ્યું હતું કે ભારતીય સેના પાસે આવા ઓપરેશન અંગે કોઈ માહિતી નથી.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મયુર સોલંકી

1) આજના અખબારોના પ્રકાશિત થયેલા મુખ્ય સમાચાર જાણીએતો
2) સંદેશે હેડલાઇનમાં લખ્યું છેકે બિહાર મતદાર યાદીમાં ઘૂસણખોરોની ભરમાર
3) ફૂલછાબ દૈનિક લખ્યું છે કે બિહાર પછી હવે આખાદેશમાં મતદાર ખરાઇ
4) ઉજ્જવલ નિગમ, શ્રીંગલા સહિત ચાર અગ્રણીઓ રાજ્યસભામાં નામાંકિત આ હેડલાઇન નવ ગુજરાત સમયે બનાવી છે
5) હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા અને ઇન્ડિયન એક્સપ્રેસે પણ બિહારની મતદાર યાદીમાં ઘૂસણખોરોના નામ સામેલ હોવાના સમાચાર મુખ્ય બનાવ્યાં છે.
6) જ્યારે ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ અમદાવાદની વિમાનની દુર્ઘટનામાં હાલમાં રજૂ થયેલા અહેવાલમાં પાયલોટ અંગે થયેલી ટિપ્પણીઓને પાયલોટ એસોસિએશને ફગાવ્યાના સમાચાર હેડલાઇનમાં બનાવ્યાં છે..
7) રાજ્ય અને સ્થાનિક સમાચારોમાં તમામ અખબારોએ ક્ષતિગ્રસ્ત માર્ગોની મરામતનું યુધ્ધના ધોરણે કામ , રાજ્યમાં ભારે વરસાદની આગાહી , ચાંદીપુરા વાઇરસને કારણે બાળકીનું મોત ના સમચાર છેલ્લા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે.
8) જ્યારે ભારત અને ઇગ્લેંડ વચ્ચેની લોર્ડસ ખાતે રમાઇ રહેલી મેચ રોમાંચક બની હોવાના સમાચાર તમામ અખબારોએ સ્પોર્ટસ પેજ ઉપર પ્રસિધ્ધ કર્યા છે.